અપીલ અરજી નં.૩૮૫ તા.૧૧–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૪–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)આપણા ઝોન ધ્વારા તા.૦૧–૦૧–૨૦૧૦થી આજદિન સુધી ગેરકાયદે બાંધકામ બાબતે બાંધકામધારકને નોટીસ આપેલ હોય અને આજદિન સુધી કાર્યવાહી ન થયેલ હોય તેવી નોટીસની વિગતવાર નકલો સહિત માહિતી આપવી મુદ્દા નં.(૨) કાર્યવાહી ન થયેલ હોય તેવા બાંધકામ બાબતે જુ.ઈજનેર તથા ડે.ઈજનેરની શું જવાબદારી બને છે જે વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૫/૨૦૧૧–૧૨

શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૧૪–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)આપણા ઝોન ધ્વારા તા.૦૧–૦૧–૨૦૧૦થી આજદિન સુધી ગેરકાયદે બાંધકામ બાબતે બાંધકામધારકને નોટીસ આપેલ હોય અને આજદિન સુધી કાર્યવાહી ન થયેલ હોય તેવી નોટીસની વિગતવાર નકલો સહિત માહિતી આપવી મુદ્દા નં.(૨) કાર્યવાહી ન થયેલ હોય તેવા બાંધકામ બાબતે જુ.ઈજનેર તથા ડે.ઈજનેરની શું જવાબદારી બને છે જે વિગતવાર માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર (સીવીલ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. નોર્થ ઝોન/આઉટ/નં.૪૧૬૬ તા. ૨૧–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૧–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તપાસણી અંગે રોજકામની નકલ તેમજ માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૯૪ તા.૧૬–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૪–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૧૬૬ તા.૨૧–૯–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧)આપણા ઝોન ધ્વારા તા.૦૧–૦૧–૨૦૧૦થી આજદિન સુધી ગેરકાયદે બાંધકામ બાબતે બાંધકામધારકને નોટીસ આપેલ હોય અને આજદિન સુધી કાર્યવાહી ન થયેલ હોય તેવી નોટીસની વિગતવાર નકલો સહિત માહિતી આપવી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમની અરજી અન્વયે માંગેલ માહિતી વિસ્તૃત માહિતી થતી હોય કતારગામઝોન કચેરીનો રજા સિવાયના દિવસોમાં સંપર્ક કરી માહિતી અધિકાર અધિનિયમ અનુસારની ફી ભરપાઈ કરી સંબંધિત દફતરી રેકર્ડનું ઈન્સ્પેકશન કરી માહિતી મેળવી લેવા વિનંતી. છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) કાર્યવાહી ન થયેલ હોય તેવા બાંધકામ બાબતે જુ.ઈજનેર તથા ડે.ઈજનેરની શું જવાબદારી બને છે જે વિગતવાર માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યવાહી ન થયેલ હોય તેવા બાંધકામ બાબતે જુ. ઈજનેર તથા ડે.ઈજનેરશ્રીએ કાર્યવાહી કરવાની રહે છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૧–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલ અંગે (૧) પત્ર નં.૪૧૬૬ ધ્વારા દફતરી રેકર્ડનું ઈન્સ્પેકશન કરવા જણાવેલ પરંતુ દિવાળી પછી તમામ અધિકારીઓની મનમાનીથી આખાએ ઝોનમાં કોઈ પણ જવાબદાર અધિકારી તા.૧ થી ૩ નવેમ્બર–૨૦૧૧ સુધી મળેલ નહીં ત્યાર બાદ તા.૪–૧૧–૧૧ ના રોજ મહામુસીબતે અનેક વખત મોબાઈલ પર વારંવાર અમોને ખર્ચ કરાવી ખુબ જ આજીજી કર્યા બાદ મહાશયશ્રી શૈલેષ પટેલનો સંપર્ક થયેલ પરંતુ તેઓએ જણાવેલ કે ગેરકાયદે બાંધકામ ધારકોને આપેલ નોટીસોની નકલ અહીં ઝોનમાં ઉપલબ્ધ નથી તેમજ દબાણ રજીસ્ટર અન્ય અધિકારી પાસે છે અને તે અધિકારી અન્ય કામ એટલે કે ડીમોલીશનમાં વ્યસ્ત હોવાથી દફતરી તપાસણી શકય નથી. આમ આ મહામુસીબતે મળેલ મહાશય ધ્વારા ખરી અને સાચી દફતરી તપાસણી કરવા દેવા અસમર્થતા દાખવેલ હોવાનો ખાસ કારણો હોવાથી અપીલ અરજી કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી બંને મુદ્દાની માહિતી આપવા પ્રસ્તાવ કરવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૧ બાબતે ઈન્સ્પેકશન દરમ્યાન અરજદારને દબાણ રજીસ્ટરની દફતરી તપાસણી કરી શકયા નહીં હોવાની તથા નોટીસોની નકલોની તપાસણી નહીં આ પ્યાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે શિક્ષાત્મક કાર્યવાહી અને કન્વેંયન્સનું વળતરની માંગણી કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૦૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) તથા ૭(૩) થી ઠરાવેલ સમય મર્યાદામાં તપાસણી પ્રસ્તાવ કરેલ પરંતુ તપાસણી દરમ્યાન માંગેલ માહિતીનું વિષય વસ્તુનું દફતર તપાસણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ જણાતું નથી. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીનો કોઈ પણ પૂરક વિગતો કે બચાવ નહીં રજૂ કરવાનો અભિગમ અરજદારના દાવાને સમર્થિત કરે છે. જેના ઉપલક્ષ્યમાં અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીના ઉપલક્ષ્યમાં લાગત દફતરની તપાસણી કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક કાર્યવાહી તથા કન્વેંયન્સનું વળતર આપવાની સત્તા આરટીઆઈ કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને હોઈ અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ